

પ્રશાંત જયસવાલ

## હળવદના હરિનગર ગોલ્ડ વિસ્તારમાં પાણી ન આવતા મહિલાઓમાં રોષ

હળવદ, તા.૧૬ : ઉનાળાની સીઝનનો પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે હળવદ શહેરના વોર્ડ નંબર પાંચના હરીનગર ગોલ્ડ વિસ્તારમાં છેલ્લા ૧૦ દિવસથી પાણી નહીં આવતા આ વિસ્તારના રહીશોમાં ભારે રોષ ફેલાયો છે. રાજ્યભરમાં છેલ્લા દસ દિવસથી તાપમાનનો પારો દિનપ્રતિદિન વધતો જાય છે અને સૂર્યનારાયણ આક્રમક મુડમાં હોય તેમ ગરમીમાં વધારો થતો જાય છે ત્યારે આવા સંજોગોમાં હળવદ પાલિકા દ્વારા વોર્ડ નંબર ૫ હરીનગર ગોલ્ડમાં છેલ્લા દસ દિવસથી પાણી આવતુ નથી. તેથી આ વિસ્તારની મહિલાઓ રણચંડી બની હળવદ નગરપાલિકા કચેરી ખાતે સૂત્રોચ્ચાર કર્યો હતાં, આ બાબતે આ વોર્ડના ચૂંટાયેલા સદસ્ય સતિષભાઈ પટેલે અનેકવાર રજૂઆત કરવા છતાં કોઈ નિકાલ આવ્યો નથી. મહિલાઓ રોષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, અમારી સોસાયટીમાં છેલ્લા ૧૦ દિવસથી પાણી આવ્યું નથી. એટલું જ નહીં સાથે સાથે લાઈટ અને કચરા બાબતે અનેક વાર રજૂઆત કરવા છતાં આજ સુધી કોઈ નક્કર કામગીરી કરવામાં આવી નથી, જો આ સમસ્યાનો નિકાલ કરવા નહીં આવે તો આગામી દિવસમાં અમારી સોસાયટીમાં કોઈ પણ વેરો અમે નગરપાલિકામાં ભરશું નહીં.

# જૂનાગઢ મનપા બોર્ડનાં અધિકારીઓ પર તડાપીટ

### ભવનાથમાં સફાઈ ન થાય તો ઉપવાસ આંદોલન-કટારા, બી.યુ.સર્ટીનો મુદ્દો ચર્ચા વગર કમિશનર તરફ ધકેલાયો

જૂનાગઢ,તા.૧૬ : જૂનાગઢ મનપાના જનરલ બોર્ડમાં વિપક્ષ આક્રમક રજૂઆત કરે તે સ્વાભાવિક છે. પણ અહિં ભૂગર્ભ ગટર, સફાઈ, બિસમાર માર્ગો, પીવાના પાણીની ટાંકીઓ મુદ્દે શાસક પક્ષના સભ્યોએ અધિકારીઓ ઉપર તડાપીટ બોલાવી હતી. બી.યુ.સર્ટી.નો મુદ્દો ચર્ચા વગર મેયરએ કમિશનર તરફ ધકેલ્યો હતો. જ્યારે ભવનાથમાં સફાઈ ન થાય તો શાસક પક્ષના કોર્પોરેટર એભાભાઈ કટારાએ ઉપવાસ આંદોલનની ચીમકી ઉચ્ચારી હતી.

મનપાના નવનિયુક્ત મેયર ગીતાબેન પરમારના અધ્યક્ષ સ્થાને મહાપાલિકાની સાધારણ સભા યોજાઈ હતી તેમાં ડે.મેયર ગિરીશભાઈ કોટેચા, કમિશ્નર રાજેશ તન્ના સહિતના અમુક કોર્પોરેટરો ગેરહાજર રહ્યા હતાં.

બોર્ડની કાર્યવાહીના પ્રારંભે પૂર્વ મેયર મહેન્દ્રભાઈ મશરૂના મોટાભાઈ તથા તપસ્વી સંત પુનિતા ચારીજીના દેવલોક થતા બે મિનિટ મૌન પાળી શ્રધ્ધાંજલી અર્પી હતી. બાદમાં કાર્યવાહી શરૂ કરાતા ભાજપ કોર્પોરેટર એભાભાઈ કટારાએ શિવરાત્રી મેળા બાદ ભવનાથની સફાઈ કરાય નથી તે મુદ્દો ઉઠાવી ૨૪ કલાકમાં સફાઈ ન કરાય તો ઉપવાસ આંદોલનની ચીમકી ઉચ્ચારી હતી.

કોંગી કોર્પોરેટર મંજુલાબેન



હરેશ સોની

પણસાળાની મહાનગરમાં ૨૬૦-૨ની નોટીસવાળી મિલકતો સામે કાર્યવાહી કરવા તથા બી.યુ.સર્ટીફીકેટ મુદ્દે મેયર એ ચર્ચા કરવાની તક આપ્યા વગર કમિશ્નર તરફે ધકેલવાની જાહેરાત કરી દેવાતા તમામ ચોંકી ઉઠયા હતાં.

જ્યારે વોર્ડ નં.૧૫ના ભાજપ કોર્પોરેટર જીવાભાઈ સોલંકીએ ફરિયાદ કરેલ કે અમારા વોર્ડના વિકાસ કામોમાં વોર્ડના કોર્પોરેટરોની અધિકારીઓ ઉપેક્ષા કરી રહ્યા છે. સ્વીમીંગપુલની કાર્યક્રમમાં કોર્પોરેટરોને અંધારામાં રખાયા હતાં. આ ફરિયાદને ભાજપ કોર્પોરેટર સંજયભાઈ કોરડીયાએ ટેકો આપી જણાવ્યું કે, મનપાના અધિકારીઓની ચાલાકી છે. કાર્યક્રમના કલાકો પહેલા જ વોર્ડના કોર્પોરેટરોને જાણ કરાય છે. નગરમાં ભૂગર્ભ ગટર કામગીરીમાં મનપાનાં વોટર વર્કસ ઈજનેર અલ્પેશ ચાવડા નોડલ ઓફિસર છે તેમની જ જવાબદારી છે.

આ પ્રસંગે શાસકોએ પાણી પુરવઠા બોર્ડના અધિકારીને મહાનગરમાં ભૂગર્ભ ગટર કામગીરીની જાણકારી ગૃહને આપવા જણાવતા ઉપસ્થિત અધિ.શ્રી નાયર પણ આ કામગીરીમાં અજ્ઞાનતા હોવા જેવી રજૂઆત કરી હતી. બાદમાં સ્થાયી સમિતિના ચેરમેન હરેશભાઈ પરસાણાએ આ મુદ્દે મેયરની ચેમ્બરમાં કોર્પોરેટરોની બેઠક બોલાવી ચર્ચા કરવા જણાવ્યું હતું.

વોર્ડ ૧૦માં ભુગર્ભ ગટરના પાઈપ બિછાવવા ખોદકામ કરાયું છે. પણ અઢી વર્ષ પછી અધુરૂ છે. તેમ ભાજપના કોર્પોરેટર હિતેષભાઈ ઉદાણીએ રજૂઆત કરી હતી. તેવી રીતે દોલતપરામાં ખોદેલ માર્ગ ઉપર ધૂળની ડમરીઓ ઉડે છે. વિપક્ષી નેતા અદ્દેમાન પંજાએ બોર્ડમાં જણાવેલ કે મનપાનું ડોર ટુ ડોર કલેશનના વાહનો સાંજે કચરો ઉપાડવા ફરકે છે તેમજ મોટાભાગની કચરાની લારીઓ તુટી ગઈ હોવાથી કચરો માર્ગો ઉપર વેરાય છે. આ ફરિયાદ મહાનગરની છે. ત્યારે સેનેટરી શાખાના વડા કલ્પેશ ટોલીયાએ એકાદ માસમાં નવી લારીઓ આવી જશે તેમ જણાવ્યું હતું.

વિપક્ષી નેતાએ ખુલ્લો આક્ષેપ કર્યો કે, વગદારોની ગેરકાયદે મિલકતોને મનપા સીલ કરવાની હિંમત કરતું નથી અને અન્ય હોસ્પિટલો, શાળાઓને સીલ કરી ગોળખોળની નીતિ સાંખી નહી લેવાય, તેવી ચીમકી ઉચ્ચારી મનપા કચેરી બિલ્ડીંગને બી.યુ.સર્ટી. નથી તેમ જણાવતાં અધિકારીઓ અને પદાધિકારીઓએ મૌન સેવી લીધું હતું.

# એશિયાટિક લાયને પોતાનો વિસ્તાર વધાર્યો, શિકારની શોધમાં વડિયાના અરજનસુખ સુધી પહોંચ્યા

અમરેલી, તા.૧૬: જંગલનો રાજા ગણાતા એશિયન સિંહે પોતાનો વિસ્તાર વધાર્યો છે. એશિયામાં માત્ર ગિરના જંગલમાં જ જોવા મળતા સિંહ હવે અમરેલી જિલ્લાના વડિયા તાલુકા સુધી પહોંચ્યા છે. વડિયાના અરજનસુખ ગામમાં ખેતરમાં સિંહના આંટાફેરા વધતા લોકોમાં ફફડાટ જોવા મળ્યો હતો. સોશિયલ મીડિયા પર સિંહના આંટાફેરાનો વીડિયો વાયરલ થયો છે. વડીયા તાલુકાના અરજનસુખ ગામમાં એક ખેડૂતના ખેતરમાં એક સિંહણ અને બે બચ્ચા ઘૂસી આવ્યા હતા. ખેડૂતોને ઉનાળુ પિયતની સિઝન



પ્રકાશ ચંદારાણા

વચ્ચે સિંહ પરિવારના આંટાફેરાથી ખેડૂતોમાં ફફડાટ ફેલાયો છે. સિંહના આંટાફેરા વધતા ખેડૂતોએ પશુઓને સલામત જગ્યાએ ખસેડી લીધા હતા. વડિયા પંથકમાં વન્યપ્રાણીઓના આંટાફેરા વધતા ખેડૂતો સાવચેતીથી પગલા ભરી રહ્યા છે. મહત્ત્વપૂર્ણ છે કે ખોરાકની શોધમાં અવાર નવાર સિંહ જંગલ છોડીને ગામ તરફ આવતા હોય છે. રેવન્યૂ વિસ્તારમાં આંટાફેરા વધતા ફફડાટ જોવા મળી રહ્યો છે.

# પોરબંદરમાં આજે આવાસ યોજનાનાં ૩૪૮ યુનિટનો ડ્રો

### ગરીબો માટે બનાવાયેલા ૨૪૪૮ ફ્લેટમાંથી છઠ્ઠા તબક્કામાં ફાળવાશે મકાન

પોરબંદર, તા.૧૬: પોરબંદરના બોખીરા-કુછડી રોડ પર ગરીબો માટેના બનાવાયેલા ૨૪૪૮ આવાસમાંથી આજે ગુરુવારે છઠ્ઠા તબક્કામાં ૩૪૮ ફ્લેટની ફાળવણી માટે ડ્રોનું આયોજન કરવામાં આવ્યું છે.

પોરબંદકર નગરપાલિકાના પ્રમુખ સરજૂભાઈ કારિયા અને ચીફ ઓફિસર મનન ચતુર્વેદીએ જણાવ્યું છે કે, સરકારની બી.એસ.યુ.પી યોજના અંતર્ગત પોરબંદર છાયા નગરપાલિકાના બોખીરા વિસ્તારમાં રામકૃષ્ણ મિશન સામે, કુલ ૨૪૪૮ ફ્લેટ, યુનિટ બનાવવામાં આવેલ છે. જે પૈકી અગાઉ પાંચ કોમ્પ્યુટરાઇઝ્ડ ડ્રોથી લાભાર્થીઓને રહેણાક યુનિટો ફાળવવામાં આવેલાં છે.

તે રીતે આજ તા.૧૭-૩-૨૨ના કુલ ૩૪૮ યુનિટો ફાળવવાનો કોમ્પ્યુટરાઇઝ્ડ ડ્રો તન્ના હોલ, નટવરસિંહજી ક્લબ રોડ, પોરબંદરના બિલ્ડિંગમાં બપોરના ૧૨ વાગ્યે ધારાસભ્ય વગેરે મહાનુભાવોની ઉપસ્થિતિમાં નિર્ધારિત કરેલ છે.

## માધવપુરના દરિયામાં બોટ-હોડી વચ્ચે ટક્કર



*માધવપુર ઘેડના દરિયામાં વહેલી સવારે બોટ અને હોડી વચ્ચે ટક્કર થતાં યા દાતાર નામની હોડીના બે ભાગ થઈ ગયા હતા. આ દુર્ઘટનામાં હોડીમાં સવાર એક માછીમારને ઈજા થઈ હતી. જોકે સદભાગ્યે જાનહાનિ ટળી હતી. માધવપુર ઘેડમાં આશરે ૩૫૦ જેટલી હોડીઓ છે. જેઓ દરિયામાં માછીમારી કરી રહ્યા છે. દરમિયાન અકસ્માત થતાં આસપાસમાં માછીમારી કરતી અન્ય હોડીઓ ભેગી થઈ ગઈ હતી અને હોડીને બાંધીને સમુદ્ર કિનારે લાવવામાં આવ્યા બાદ ઈજાગ્રસ્ત માછીમારને સારવારમાં લઈ જવાયો હતો. હોડી, મશીન અને માલ સામાનનું અંદાજે ૧૦ લાખ રૂપિયાનું નુકસાન થયાની ફરિયાદ હોડી માલિક કરી રહ્યા છે. જેની સાથે ટક્કર થઈ હતી તે બોટ માંગરોળની અને ઓમ દરિયા દેવ નામથી રજિસ્ટર હોવાનું જાણવા મળે છે. (આશિષ પોપટ)*

# બોટાદ પાલિકાની વિવિધ સમિતિનાં ૨૨ સભ્યે રાજીનામાં આપ્યાં

### ભાજપનો અંદરો અંદરનો વિખવાદ ખૂલીને બહાર આવ્યો

બોટાદ, તા.૧૬: બોટાદ નગરપાલિકામાં છેલ્લા ૨૫ વર્ષથી ભાજપનું એક હથ્થુ શાસન છે જ્યારે આ વખતે પણ બોટાદ નગરપાલિકા પાસે ૪૪માંથી ૪૦ સીટ ભાજપે કબજે કરવામાં આવી હતી. જ્યારે ઘણા સમયથી ભાજપનો અંદરોઅંદર વિખવાદ બોટાદમાં ઘણા વખતથી ચાલી રહ્યો હતો જેમાં ઘણા વખતથી શહેરી વિસ્તારના પ્રશ્નો અંગે ઘણા બધા સભ્યો અને જવાબદાર અધિકારીઓ સામસામે આવી ગયાના પણ દાખલાઓ બન્યા હતા. જ્યારે આજે એકી સાથે બોટાદ નગરપાલિકાના પ્રમુખ, ઉપપ્રમુખ તેમજ કારોબારી ચેરમેનની મનમાનીના કારણે નગરપાલિકાના વિવિધ સમિતિના સભ્યોએ ઇન્ચાર્જ ચીફ ઓફિસરને રાજીનામાં ધરી દેતાં.

હડકંપ મચી ગઇ હતી. જેને



નવઘણ અલગોતર

લઇ ભાજપનો અંદરોઅંદર વિખવાદ ખૂલીને બહાર આવ્યો હતો જેમાં મુખ્ય કારણોમાં શહેરી વિસ્તારના પ્રશ્નોને લઇ તેમજ વિપક્ષના સભ્યોને સાથે રાખી પ્રમુખ, ઉપ પ્રમુખ અને કારોબારી ચેરમેન પોતાની મનમાની ચલાવી રહ્યા હોય તેમજ પક્ષના સભ્યોને સાથે રાખવામાં ન આવવાના કારણે તથા શહેરી વિસ્તારના કામો ટલ્લે ચઢતાં પ્રજાના કામો ન થતા હોય જેને લય વિવિધ સમિતિના ૨૨ સભ્યો દ્વારા રાજીનામાં આપવામાં આવ્યા હતા.

છેલ્લા આઠ મહિનાથી રજૂઆત ને ધ્યાને રાખી પ્રદેશ સંગઠન જિલ્લા અને શહેર સંગઠન દ્વારા પ્રમુખ ઉપપ્રમુખ અને કારોબારી ચેરમેન ને કડક સૂચના આપવામાં આવી હોવા છતાં પણ એક દિવસ માટે પ્રમુખ રજા ઉપર રહી ઉપપ્રમુખ ને ચાર્જ સોંપવામાં આવતાં તમામ બિલો અને ચેકો મંજૂર કર્યા હતાં ભારતીય જનતા પાર્ટી ના સંગઠન ના હોદ્દેદારોની સૂચનાને અવગણના કરી મનઘડત નિર્ણયો કરી પાર્ટીની છબી ખરાબ કરી રહ્યા હોય ત્યારે બોટાદ નગર પાલિકાની વિવિધ સમિતિઓના ચેરમેન અને સમિતિ માંથી આશરે ૨૨ જેટલા સભ્યો એ રાજીનામા આપ્યા હતાં. જ્યારે બીજી તરફ ગુજરાત અધ્યક્ષ સી.આર. પટીલનો જન્મ દિવસ ઉજવવામાં આવી રહ્યો હોય ત્યારે બીજી તરફ જાણે બોટાદ નગરપાલિકામાં ભાજપમાં ભૂકંપ આવ્યો છે.

જ્યારે આ બાબતે બોટાદ નગરપાલિકાના પ્રમુખે જણાવેલ હતું કે ભ્રષ્ટાચાર બાબતના તમામ આક્ષેપો પાયાવિહોણા છે અમે કંઈ ખોટું કર્યું જ નથી. દરેક વોર્ડના સભ્યોને સાથે રાખી કામ કરી રહ્યા છીએ તેમજ જનરલ સભા માં પણ સંકલન સમિતિ કહે તે પ્રમાણે કામ થઈ રહ્યા છે. તમામ વહીવટ પારદર્શક છે ભ્રષ્ટાચારની વાત સદંતર ખોટી છે.

### દૂધરેજ વડવાળા ધામના દર્શને આજે મુખ્યમંત્રી

વઢવાણ, તા.૧૬: સુરેન્દ્રનગરનાં દૂધરેજ વડવાળા ધામ ખાતે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તા.૧૭મીએ આવનાર છે. સાંજના સમયે વડવાળા દેવના દર્શન કરશે જ્યારે ૩ કરોડની સરકારે મંદિરના વિકાસ માટે ફાળવણી કરતા રબારી સમાજ આભાર માનશે. સમસ્ત ભારતના રબારી સમાજના આસ્થાના કેન્દ્ર સમાન વડવાળા દેવ મંદિર દૂધરેજમાં સરકારે વિકાસ માટે ૩ કરોડની ફાળવણી કરી છે ત્યારે દૂધરેજ ગામે યોજાનાર હોળી મહોત્સવમાં રાજ્યનાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ૧૭મી માર્ચ ઉપસ્થિત રહેનાર છે ત્યારે વડવાળા દેવના દર્શન કરી અને મહંત કનીરામ બાપુના આશીર્વાદ મેળવશે. દૂધરેજ વડવાળા ધામના કોઠારી મુકુંદબાપુએ જણાવેલ છે.

## અરવલ્લી જિલ્લામાં સ્પામાં ચાલતા ગોરખધંધાને લઈને મહિલા બ્રિગેડનું આવેદન

મોડાસા, તા.૧૬: અરવલ્લી જિલ્લામાં શૈક્ષણિક નગરીને બદનામ કરવા તલપાપડ થયેલા સ્પાના સંચાલકોને હવે ખુલી ચેતવણી મહિલા બ્રિગેડ દ્વારા આપવામાં આવી છે અને આ જ બાબતે મોડાસા ખાતે જિલ્લા કલેક્ટરને આવેદન પત્ર આપીને રજૂઆત કરવામાં આવી છે.

સ્પામાં ચાલતા ગોરખધંધાને લઈને મહિલાઓ હવે રોષે ભરાતા કલેક્ટરને આવેદન પત્ર આપી રજૂઆત કરી છે કે, જો સ્પામાં મહિલઓનું શોષણ થશે તો તેઓ કદાપી નહીં ચલાવી લે અને જો સ્પા બંધ નહીં થાય તો આગામી દિવસમાં તેઓ ઉગ્ર આંદોલન કરશે.

હાલમાં અરવલ્લી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ૮ માર્ચના રોજ મહિલા દિવસની ઉજવણી હર્ષોલ્લાસ સાથે મનાવી હતી.

જ્યારે બીજી બાજુ જિલ્લા સેવા સદનની આસપાસના વિસ્તારોમાં ઉચ્ચ અધિકારીની મીઠી નજર હેઠળ ગોરખધંધા ચાલે છે ત્યારે આવા ગોરખધંધાને બંધ કરાવવા માટે ભલે કોઈ પુરુષો આગળ ન આવ્યા હોય, પણ મહિલાઓ ચોક્કસથી આગળ આવી છે અને જિલ્લા કલેક્ટરને આવેદન પત્ર આપી ઉગ્ર રજૂઆત કરી છે.


**પશ્ચિમ રેલવે**

**સુધારો-૩**

ટેન્ડર નં. ઈપીસી -ડબ્લ્યુઆર -એસએનટી-૦૧આર, તા.૭/૨/૨૦૨૨માં કેટલાક સુધારા/ફેરફાર કરાયેલ છે, જેમાં મુખ્ય સુધારો: પ્રકાશિત રકમ (રૂપિયા)- ૧૪૭૬૯૩૮૬૫૬-૦૦, બાનાની રકમ (રૂપિયા)- ૭૩૮૪૭૦૦-૦૦. સંપૂર્ણ વિગતવાર નવા ડોક્યુમેન્ટસ http://www.ireps.gov.in પર ઉપલબ્ધ છે.

802

અનુસરો : twitter.com/WesternRly

**M/S ANIL LIMITED (IN LIQUIDATION)**

CA Ramchandra Dallaram Choudhary (Liquidator)

Liquidator's Address: 9-B, Vardan Complex, Nr. Vimal House, Lakhudi Circle, Navrangpura, Ahmedabad-380 014. Contact: +91-79-26566577, Email: rdc_rca@yahoo.com

**E-AUCTION SALE NOTICE**

Notice for the sale of assets through E-Auction is hereby given to the public in general under section 35(f) of the Insolvency and Bankruptcy Code 2016 r.w. Regulation 33 of the Liquidation Process Regulations

| | |
|---|---|
| Date and Time of Auction<br>Last Date for Submission of EMD | Tuesday, 29.03.2022 between 12:00 PM to 1:00 PM<br>Monday, 28.03.2022 before 05:00 P.M<br>Payable through RTGS / DD to "Anil Limited (In Liquidation)" having Account No. 203520110000305 and IFSC Code BKID0002035, Bank of India, Ahmedabad |
| Inspection Date & Time | Monday, 21.03.2022 (From 11:00 AM to 5:00 PM)<br>Contact Person: Rajendra D. Choudhary. (M: 9426623398) |

| Lot No. | Particulars | (Rs. in Crores) |
|---|---|---|
| 1 | Non Agricultural Land, situated at old Revenue survey no. 13 (adm. 35714 Sq. Mt.), 14 (adm. 7284 Sq. Mt.), 15/1 Paiki, (adm. 19830 Sq. Mt.), 15/1 Paiki (adm. 19931 Sq. Mt.), 15/1 Paiki (adm. 17301 Sq. Mt.) of Mouje: Navdra of Taluka: Kalyanpur, Devbhumi Dwarka having total Land area admeasuring 1,00,060 Sq. Mt. | Reserve Price: 1.25<br>EMD: 0.125 |

E-Auction will be held as per the detailed terms & conditions as mentioned in the Tender Document and Bid Form that are uploaded on http://www.eauctions.co.in and www.sunresolution.in. For any query, Email: admin@eauctions.co.in or Email the Liquidator: rdc_rca@yahoo.com

Sd/-

CA Ramchandra Dallaram Choudhary

Liquidator - Anil Ltd. (In Liquidation.)

Place: Ahmedabad

Date: 17.03.2022

IP Reg. No: IBBI/IPA-001/IP-P00157/2017-18/10326

**વડોદરા મહાનગરપાલિકા**

www.vmc.gov.in

ઇ-ટેન્ડરીંગની જાહેરાત

વડોદરા મહાનગરપાલિકામાં યોગ્ય વિભાગ તેમજ યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ માન્ય ઇજારદારો પાસેથી તથા સરકારી/અર્ધસરકારી સંસ્થાના નોંધાયેલા અનુભવી ઇજારદારો પાસેથી નીચે જણાવેલ કામ માટે મહોરબંધ ભાવપત્રો મંગાવવામાં આવે છે.

| અ.નં | પી.આર.ઓ નંબર | વિભાગનું નામ | કામની સંખ્યા | અંદાજીત રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૧૦૭૫/૨૧-૨૨ | વડોદરા સ્માર્ટ સિટી ડે.લિ. (ફ્યુચરિસ્ટીક પ્લાનીંગ સેલ) | ૦૧ | ૨,૩૮,૯૪,૯૨૦/- |

ઉપરોક્ત કામના ટેન્ડર ફોર્મ તથા વિસ્તૃત માહિતી જે તે સંબંધિત વિભાગમાંથી ઉપરોક્ત સૂચિત વેબસાઇટ પરથી મળી રહેશે. કોઇપણ ભાવપત્ર મંજુર/નામંજુર કરવાની અબાધિત સત્તા મ્યુનિસિપલ કમિશનરશ્રીની રહેશે.

પી.આર.ઓ.નં.૧૦૭૬/૨૦૨૧-૨૨ — જનસંપર્ક વિભાગ દ્વારા પ્રકાશિત



રૂમ નંબર ૨૨૧

**જાહેર સમન્સ**

અમરેલીના મહે. ત્રીજા એડી.સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં, મુ.અમરેલી.

રે.દિ.મુ.નં.૩૪૭/૨૦૧૯

વાદી:- પી.જી.વી.સી.એલ.કુંકાવાવ, મું.કુંકાવાવ

વિરૂધ્ધ

પ્રતિવાદી:- છગનભાઈ ભીમજીભાઈ સોરઠીયા, રહે. કમીગઢ, તા. જી. અમરેલી.

આથી ઉપર મુજબના દાવાના કામે પ્રતિવાદીને આ જાહેર સમન્સ આપવામાં આવે છે કે, માલુમ થાય કે જે પ્રતિવાદીને જણાવવાનું કે, આ કામના વાદીએ તમારા ઉપર દાવો કરેલ છે માટે તમોને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે, મુદત તા.૨૦/૦૪/૨૦૨૨ ના રોજ સવારના ૧૦:૩૦ કલાકે સદરહુ દાવાનો જવાબ આપવા આ કોર્ટમાં તમારે જાતે અથવા કોર્ટના જે પ્લીડરને તમોની હકીકત બરાબર સમજાવી હોય, તથા જે એ દઈ શકે તેવા બીજા શખ્સને તે પ્લીડર સાથે રાખીને તે પ્લીડર મારફતે હાજર થવુ/રહેવુ. માટે તે દિવસ તમારે તમારા સઘળા લેખીત પુરાવા જેના ઉપર તમો તમારા બચાવનો આધાર રાખતા હોય તે હાજર કરવાને તમારે તૈયાર થઈ રહેવુ.

અને તમોને આ ઉપરથી નોટીસ આપવામા આવે છે કે, જો ઉપર જણાવેલ દિવસે/મુદતે તમો હાજર નહી થાવ તો તમારી ગેરહાજરીમાં એ દાવો સાંભળીને તેનો નિકાલ કરવામાં આવશે.

વળી તમોને એવી નોટીસ આપવામાં આવે છે કે, નિર્દિષ્ટ કરેલી તારીખે અથવા તે પહેલા બજવણી માટે પતો લખવાની કસુર કરો તો તમારા બચાવ પર ધ્યાન આપવામાં આવશે નહી.

આજ તા. ૧૧/૦૩/૨૦૨૨ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સીક્કો

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | હુકમથી |
|---|---|---|
| (એમ. એચ. રાણવા) | (જે. બી. ભટ્ટ) | (એન. પી. જોષી) |
| આસીસ્ટન્ટ | શીરેસ્તેદાર | રજીસ્ટ્રાર |
| ત્રીજા એડી.સીની. સીવીલ કોર્ટ અમરેલી | ત્રીજા એડી. સીની. સીવીલ કોર્ટ અમરેલી | પ્રિન્સી. સીની. સીવીલ કોર્ટ અમરેલી |



નર્મદા જળસંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,

**જાહેર નોટીસ નં. બી-૧/૦૮ સને ૨૦૨૧-૨૨.**

નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, ભાદર પેટા વિભાગ, સ્ટેશન રોડ ધોરાજી ૩૬૦૪૧૦ (ફોન નં (૦૨૮૨૪ - ૨૨૧૮૩૭) દ્વારા ગુજરાત રાજ્યનાં નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ તેમજ રસ્તા અને મકાન વિભાગના કોન્ટ્રાકટરની માન્ય યાદીની યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ કોન્ટ્રાકટરો પાસેથી નીચેનાં કામો માટે ફકત રજી.એ.ડી./સ્પીડ પોસ્ટથી સીલબંધ કવરમાં ટેન્ડર માંગવામાં આવે છે. કોઇપણ એક ટેન્ડર અથવા તો બધા જ ટેન્ડરો અમાન્ય કરવાના હક્ક આ ખાતાને અબાધિત રહેશે. શરતો તેમજ વધુ વિગત માટે આ કચેરીના નોટીસ બોર્ડ ઉપર પ્રસિદ્ધ કરેલ વિગતવાર જાહેર નિવિદા તેમજ માહિતી ખાતાની વેબ સાઇટ www.statetenders.gujarat.gov.in ઉપર જોઇ શકાશે.

૧. ફોફળ-૧ સિંચાઈ યોજના — અંદાજીત રકમ ૨.૮૯ લાખ

ડેમ સેફ્ટી વર્ક ઓફ ફોફળ-૧ ઈરીગેશન સ્કીમ ફોર એન્યુઅલ મેઈનટેન્સ ઓફ અર્થન ડેમ.

(સમાન કામના અનુભવ વાળા ઈજારદાર ને અગ્રિમતા આપાવામા આવશે)

કચેરીનુ નામ / સરનામુ

(1) નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, ભાદર પેટા વિભાગ, ઝેપોલી બેકરીની સામે, તાલુકા પંચાયત કચેરીની પાછળ, સ્ટેશન રોડ, ધોરાજી- ૩૬૦૪૧૦, ગુજરાત રાજ્ય (Ph. 02824 – 221837)

શરતો તેમજ વધુ વિગત માટે આ કચેરી ના નોટીસ બોર્ડ ઉપર પ્રસિદ્ધ કરેલ વિગતવાર જાહેર નિવિદા મુજબ ફક્ત રજી.એ.ડી./સ્પીડ પોસ્ટથી સીલબંધ કવરમાં પેટાવિભાગીય કચેરી, ધોરાજી ખાતે છેલ્લી તારીખ ૧૧/૦૪/૨૦૨૨ up to 18.00 hours IST સુધીમાં મોકલવાના રહેશે.

Info / Raj / ૧૭૨૬



**ઓન લાઇન જાહેર નિવિદા નં.૨૩ સને. ૨૦૨૧-૨૨**

**પંચાયત માર્ગ અને મકાન વિભાગ - જિ.પં.અમરેલી**

કાર્યપાલક ઇજનેરશ્રી પંચાયત માર્ગ અને મકાન વિભાગ જિ.પં., અમરેલી (ફોન નં. ૦૨૭૯૨-૨૨૨૧૧૨) દ્વારા ગુજરાત સરકારશ્રીનાં માર્ગ અને મકાન વિભાગ તરફથી યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ ઇજારદારો પાસેથી સરકારશ્રીની સ્પે. કેટેગરી રોડ વર્કસ MMGSY/BUJ-SCSP, સુવિધાપથ, ડિપોઝીટ,૧૫% વિવેકાધીન યોજનાનાં પેકેજ-૨૩ કુલ કામો-૩૧ અંદાજીત રકમ રૂા.૪૪૬૩.૨૭ લાખ નાં કામ માટે ઇ-ટેન્ડર દ્વારા ભાવો માંગવામા આવે છે. જેની વિગત નીચે મુજબ છે.તેમજ વિગતવાર માહિતી આ કચેરીનાં નોટીસ બોર્ડ તેમજ, www.nprocure.com, www.statetenders.gujarat.gov.in ઉપરથી જોવા મળશે. (૧) ઓન લાઇન ટેન્ડર રજુ કરવાની છેલ્લી તા.૭/૪/૨૨ ૧૮.૦૦ કલાક સુધી (૨)અર્નેસ્ટમની ડીપોઝીટ રજુ કરવાની તા.૮/૪/૨૨ થી તા.૧૪/૪/૨૨ (૩)ટેન્ડર ખોલવાની તા.૮/૪/૨૨ ૧૨.૦૦ કલાક

કાર્યપાલક ઇજનેર

માહિતી/અમર/૩૮૮/૨૨ — પંચાયત મા.મ.વિભાગ - અમરેલી

PASCHIM GUJARAT VIJ COMPANY LIMITED

Regd. & Corporate Office, Laxminagar Rajkot

www.pgvcl.com — http://guj-epd.gov.in

**વડોદરા મહાનગરપાલિકા**

www.vmc.gov.in

ઇ-ટેન્ડરીંગની જાહેરાત

વડોદરા મહાનગરપાલિકામાં યોગ્ય વિભાગ તેમજ યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ માન્ય ઇજારદારો પાસેથી તથા સરકારી/અર્ધસરકારી સંસ્થાના નોંધાયેલા અનુભવી ઇજારદારો પાસેથી નીચે જણાવેલ કામ માટે મહોરબંધ ભાવપત્રો મંગાવવામાં આવે છે.

| અ.નં | પી.આર.ઓ નંબર | વિભાગનું નામ | કામની સંખ્યા | અંદાજીત રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૧૦૭૫/૨૧-૨૨ | વડોદરા સ્માર્ટ સિટી ડે.લિ. (ફ્યુચરિસ્ટીક પ્લાનીંગ સેલ) | ૦૧ | ૨,૩૮,૯૪,૯૨૦/- |

ઉપરોક્ત કામના ટેન્ડર ફોર્મ તથા વિસ્તૃત માહિતી જે તે સંબંધિત વિભાગમાંથી ઉપરોક્ત સૂચિત વેબસાઇટ પરથી મળી રહેશે. કોઇપણ ભાવપત્ર મંજુર/નામંજુર કરવાની અબાધિત સત્તા મ્યુનિસિપલ કમિશનરશ્રીની રહેશે.

પી.આર.ઓ.નં.૧૦૭૬/૨૦૨૧-૨૨ — જનસંપર્ક વિભાગ દ્વારા પ્રકાશિત

on PGVCL website only. Candidates are requested to visit the website for the same



**CHANGE OF NAME**

I, the undersigned RESHMABEN IMRANKHAN KURESHI have changed my name from RESHMABEN IMRANBHAI KURESHI and from now onwards I will be known as RESHMABEN IMRANKHAN KURESHI

RESMABEN KURESHI

Siraj Manzil, Tarwadi Road, mini Kasba, Street No. 2, Amreli- 365 601.

Dt. 17-03-2022

**CHANGE OF NAME**

I, the under signed IMRANKHAN MAHEBUBKHAN KURESHI (Father) have changed my Daughter Name from IQRA IMRANBHAI KURESHI to IQRA IMRANKHAN KURESHI and from now onwards She Will be known as IQRA IMRANKHAN KURESHI

IMRANKHAN KURESHI

Siraj Manzil, Tarwadi Road, mini Kasba, Street No. 2, Amreli- 365 601.

Dt. 17-03-2022

**નામ બદલાવેલ છે**

આથી હું જાહેર કરનાર વિકી કમલેશભાઇ પુજારા મારૂ જુનુ નામ વિકી કમલેશભાઇ પુજારા હતું, જે બદલીને હવે વિકી કમલેશભાઇ પુજારા રાખેલ છે. હવેથી મારી ઓળખાણ આ નામથી રહેશે.

વિકી કમલેશભાઇ પુજારા

રહે. રાજકોટ

**CHANGE OF NAME**

I, the undersigned IMRANKHAN MAHEBUBKHAN KURESHI have changed my name from IMRANBHAI MAHEBUBBHAI KURESHI and from now onwards I will be known as IMRANKHAN MAHEBUBKHAN KURESHI

IMRANKHAN KURESHI

Siraj Manzil, Tarwadi Road, mini Kasba, Street No. 2, Amreli- 365 601.

Dt. 17-03-2022